**પ્રોજેક્ટ અહેવાલ**

**આગવી ટેકનોલોજી અંગેનો રીપોર્ટ**

**કેસ-4**

જે ટેકનોલોજીનું મુલ્યાંકન કરવાનું છે તેનું વિવરણ ભુગર્ભ સુધરાઇ પધ્ધતિ (ભુગર્ભ ગટર વ્યવસ્થા)

ટેકનોલોજીનું જ્યાં મુલ્યાંકન કાર્ય હાથ ધરવામાં આવે છે તે વિસ્તાર – ગ્રામ, હડમતિયા, તા, ગધારા, જિલ્લો ભાવનગર

કેટલી વ્યક્તિઓ પર ટેકનોલોજી નો સર્વે હાથ ધરવામાં આવેલ છે તે સંખ્યા – 2200

આ મુલ્યાંકન સર્વેનું કાર્ય ક્યારથી શરુ કરવામાં આવ્યું – વર્ષ 2002

ટેકનોલોજીની ડિઝાઇન કે આયોજન કોના દ્વારા કરવામાં આવ્યું તથા તેનું અમલીકરણ / બાંધકામ / કે માળખું કોના દ્વારા તૈયાર થયું.

ભુગર્ભ ગટર વ્યવસ્થાની પધ્ધતિની રચના, હડમતિયા ગામમાં, તેના સરપંચશ્રી, છગનભાઇ ડી. ઢોલા, તથા શ્રી મનસુખલાલ પંડિત અને શ્રી ઓમકારભાઇ ગીરી, જેવા ત્રણ સભ્યોની બનેલ ટુકડી દ્વારા, વિકાલીયા ગામના નમૂનાને ધ્યાનમાં રાખી, હડમતિયા ગામમાં પણ તેવી વ્યવસ્થા ઉભી કરવાની પધ્ધતિ વિકસાવવામાં આવી.

હાલમાં આ વ્યવસ્થાનું ટેકનોલોજીનું સંચાલન કોના દ્વારા થઇ રહેલ છે ?

ગ્રામ વિકાસ સમિતિ

<u>આ ટેકનોલોજીના અમલીકરણ દ્વારા કોઇ ચોક્કસ પ્રકારના માપદંડ કે ધોરણ ઉભા કરવાનો ધ્યેય હોય જો હા હોય તો તે જણાવો.</u>

એક યોગ્ય ગટર વ્યવસ્થા સુધરાઇ પધ્ધતિ ઉભી કરવી.

<u>આ કાર્ય અંગેના તથા, દૈનિક સાર સંભાળ અંગેની કોઇ ડેટા કે માહિતી ઉપલબ્ધ છે ખરી ?</u>

<u>વિકાસ કરવા માટે પસંદ કરાયેલ આ ટેકનોલોજીના ઉદભવ તથા વિકાસનું વિવરણ દર્શાવો.</u>

આ વિસ્તાર એ સંપૂર્ણ પથરાળ વિસ્તાર છે તેથી હંમેશા નીચાળવાળા વિસ્તારોમાં પાણી ભરાઇ જવાની સમસ્યા રહે છે. આથી ગામની શેરીઓ હંમેશ કાદવ કીચ્ચડ વાળી રહે છે. કારણકે, ઘરવપરાશનું પાણી જેવું શેરીમાં આવે કે તે નીચાણના ભાગમાં જમા થઇ જાય અને તે ભુગર્ભમાં ઉતરી જવાના બદલે, કાદવ-કીચ્ચડ ઉત્પન્ન કરે છે. તેના કારણે ગ્રામવાસીઓમાં ગંદા પાણીના યોગ્ય નિકાલ માટે કોઇ વ્યવસ્થા ઉભી કરવાની લાગણી હંમેશા અનુભવાય છે. બાજુમાં ગામ વડાલિમાં, ગંદા પાણીના નિકાલની પધ્ધતિ જોયા બાદ, સ્થાનિક ગ્રામવાસીઓએ આપબળે, અને પોતાના યોગ્ય અનુદાન દ્વારા, સુધરાઇ વ્યવસસ્થા વિકસાવવા તૈયાર થયા અને આ અભિયાનનો પ્રારંભ વર્ષ 2002 થી થયો અને હાલમાં દરેક ગ્રામવાસી પોતાની મહેનતના અને આગવા આયોજનની પ્રયાસ પર ગર્વ અનુભવે છે. હડમતિયા ગામમાં, પ્રત્યેક ઘર દીઠ રૂ. 1000 ઉઘરાવવામાં આવ્યા અને તેમા, લગભગ 60% જેટલી ગામની વસ્તી આ વ્યવસ્થાનો લાભ મેળવી શકી, અન્ય 40% માં એવા લોકો છે કે જેઓ તેમની નબળી આર્થિક સ્થિતિના કારણે, આટલી રકમ પણ આપી શકે તેમ ન હોવાથી તેઓ કોઇ સરકારી સહાયની રાહ જોઇ રહ્યા છે. અગાઉ આ ગામમાં ગ્રામવાસીઓને કુદરતી હાજતે જવામાં, ગામથી ઘણે દુર સુધી જવું પડતું, અને આ અત્યંત મુશ્કેલીભર્યું હતું વળી ચોમાસાની ઋતુમાં કે રાત્રીના સમયે થોડું જોખમી પણ ગણી શકાય સ્ત્રીને પણ આ પધ્ધતિ એક મોટી સમસ્યા સમાન હતી. વળી આવા સ્થળો, થોડા સમય બાદ ગંદકીયુક્ત થઇ જતા અને ત્યાં મચ્છરોને ઉપદ્રવ પણ વધી જતો જેના કારણે, રોગ ફેલાવવાની સંભાવના પણ રહેતી. આ ગામમાં એક સ્ત્રીની વ્યથા પણ જાણવા જેવી છે કે જેનો પતિ, દિવસ દરમિયાન કામે ગયેલ હોઇ, તથા તેને એક તદન નાનું બાળક હોઇ તે, તેને એકલું મુકીને કે સાથે લઇને, બહાર નીકળી શકે નહીં આવી સ્થિતિમાં અનેક મુશ્કેલી અને મુંઝવણ રોજબરોજની જીદગીમાં ઉભી થાય છે.

મુલાકાતની તારીખ – 26 સપ્ટેમ્બર થી 29 સપ્ટેમ્બર વર્ષ 2008.

મુલાકાત લેનાર નિષ્ણાતો ના નામ – ડો. સુબોધકુમાર બિશ્નોઇ

1. જે લક્ષ્ય નિર્ધારિત કરવામાં આવેલ છે તે સિધ્ધ થાય છે કે નહીં તે અંગેની પ્રાથમિક તપાસમાં આ કાર્યને સફળ અને ઉપયોગી સૂચવે છે.

| નિર્ધારિત ફાયદાઓ | સૂચકાંક | માપની પધ્ધતિ |
|---|---|---|
| ગંદા પાણીના નિકાલની સુવિધાઓ | કાદવ કીચ્ચડયુક્ત, મચ્છરના ઉપદ્રવવાળી શેરીમાં સ્વચ્છતા – પ્રત્યેક ઘરોમાં સંડાસ બાથરુમનું બાંધકામ | |
| ટેકનીકલ રીતે કાર્ય સંચાલન | પાછલા 6 વર્ષનું કાર્ય પ્રદર્શન | નિષ્ણાત મુલાકાત |
| સ્થાનિક સમુદાય દ્વારા સ્વીકૃતિ | | |

| નિર્ધારિત ફાયદાઓ | સૂચકાંક | માપની પધ્ધતિ |
|---|---|---|
| પારિવારિક સ્વાસ્થ્ય તથા આરોગ્યમાં સુધારો | ગંદા પાણીના ભરાવો ન થવાના કારણે પાણીજન્ય રોગોના ઉપદ્રવમાં ઘટાડો | |
| એક સારા સંકલન દ્વારા કાર્ય થવાનાકારણે સ્થાનિક લોકોમાં વારંવાર થતા ઝગડામાં પણ રાહત | | |
| ભુગર્ભ જળ સ્તર ઉંચુ આવવાના કારણે, પર્યાવરણમાં ફાયદો | | |

## તપાસના પરિણામો

| નિર્ધારિત ફાયદાઓ | સૂચકાંક | સિધ્ધ થાય હા/ના | સૂચનો (સૂચકાંકનો ઉપયોગ કરી સૂચના રજુ કરેલ છે |
|---|---|---|---|
| સુધરાઇ વ્યવસ્થા | હા | | |

| | | | |
|---|---|---|---|
| ટેકનીકલ રીતે કાર્ય સંચાલન | હા | | કેટલાક, પાઇપ તુટીને પાણી બહાર આવવાના બનાવો સિવાય આ પધ્ધતિ શ્રેષ્ઠ રીતે કાર્યાન્વિત છે. |
| સ્થાનીક સમુદાય દ્વારા સ્વીકૃતિ | હા | | ઉપયોગકર્તાઓ આ વ્યવસ્થાથી ખુશ છે અને તેઓ તેને એક સિધ્ધી સ્વરુપે જુએ છે. |
| જળ સંગ્રહ | | હા | |
| મચ્છરનો ઉપદ્રવમાં ઘટાડો | | હા | |

સ્થાનિક લોકોના અભિપ્રાયો /સૂચનો

| ક્રમ | ઉપભોક્તા સમૂહ | અભિપ્રાય |
|---|---|---|
| 1 | શ્રીમતી રાખુબેન મનુભાઇ (28 વર્ષ) | ગંદા પાણીના નિકાલ માટે કોઇ જ યોગ્ય પધ્ધતિ ન હોવાના કારણે અમે ઘણી જ સમસ્યાઓ વેઠી રહ્યા છીએ. ઉપરાંત યોસ્ય સ્થળ ઉપલબ્ધ ન હોવાના કારણે, રાત્રિના સમયે કુદરતી હાજતે જવામાં ઘણા જ પ્રશ્નો ઉભા થાય છે. અને તમે અનેક કઠિનાઇઓનો સામનો કરવો પડે છે. વળી તે સમયે અમારી આર્થિક સ્થિતિ પણ નબળી હતી અને વરસાદમાં તૂટી ગયેલ ઘરની દિવાલની મરામતનું કાર્ય તથા કરાવી શકવાની સ્થિતિ ન હતી. સરકાર દ્વારા અમારા આ મુશ્કેલીમાં સહાયતા મળે તેવી અપેક્ષા રાખીએ છીએ. |
| 2 | શ્રી ઓમકારભાઇ ગીરી | જ્યારે અમારી પાસે સંડાસ બાથરુમની સગવડતા ન હતી ત્યારની સ્થિતિ<br>ત્યારે અમારે, કુદરતી હાજતે જવા માટે, ઘણે દુર |

| | | |
|---|---|---|
| | | સુધી જવું પડતું. વરસાદના સમયે, મધ્યરાત્રિએ ખાસ તકલીફો પડતી અને, તેમાં અનિયમિતતાના કારણે અન્ય શારીરીક સમસ્યાઓ હંમેશા રહેતી. પરંતુ અમે હવે તેમાં રાહત અનુભવીએ છીએ. ઘેર ઘેર સંડાસ બાથરુમના બાંધકામ સાથે અમારી રોજીંદી અને મોટી સમસ્યા દુર થઇ ગયેલ છે. |
| 3 | શ્રી રેખાબેન ધીરુભાઇ (55 વર્ષ) | અમારી પરિવારની માસિક આવક 2500 જેટલી છે કે જેથી અમે, અમારી જાતે ઘરમાં સંડાસ બાથરુમનું બાંધકામ કરી શકવાની ક્ષમતા ધરાવતા નથી. આથી અમારી, આ ક્રિયા માટે બહાર ખુલ્લામાં જવુ પડતું અને તેમાં રાત્રિના સમયે, તથા વરસાદની ઋતુમાં બહાર જવામાં જોખમો પણ રહેતા, અમે જો સરકાર દ્વારા સહાયતા કરવામાં આવે તો સંડાસ બાથરુમમાં બાંધકામ માટે તૈયાર છીએ. |
| 4 | શ્રી કિશોરભાઇ પંડિત (37 વર્ષ) | સંડાસ બાથરુમની સગવડતા પૂર્વેની સ્થિતિ અગાઉ, અમારે, સંડાસ બાથરુમની સગવડ વિના, શૌચ ક્રિયા માટે, ખુબ દુર સુધી જવું પડતું, ત્યાંથી ગંદકી તથા ગંદકીના કારણે મચ્છરોનો ઉપદ્રવ પણ વધુ રહેતો વળી, ચેપી રોગો ફેલાવવાનો ભય પણ રહેતો અને સ્ત્રીઓ માટે સૂર્યાસ્ત પછીના સમયે, જાહેરમાં શૌચક્રિયા માટે જવું ખુબ જ તકલીફભર્યુ રહેતું. |
| 5 | શ્રી છગનભાઇ ડી. ઢોલા (ગ્રામ પંચાયત સરપંચ, (હડમતિયા) | ગંદા પાણીના નિકાલ માટેની પાઇપ નંખાઇ તે પહેલા ઘણી સમસ્યાઓ રહેતી. ગામની બહારની જગ્યા હંમેશા ગંદા પાણીથી ખદબદતી રહેતી, હાલમાં ગંદા પાણીના નિકાલ માટે પાઇપોના કારણે તથા, ઘરમાં, સંડાસ બાથરુમ બાંધવાના કારણે, ગંદકીની સમસ્યામાં ઘણી જ રાહત થયેલ છે. તથા |

| | | |
|---|---|---|
| | | ગામમાં હવે સ્વચ્છતા જાળવી શકાય છે. |
| 6 | શ્રી મનસુખલાલ પંડિત (63 વર્ષ) | સંડાસના બાંધકામ પહેલા અમારે, શૌચક્રીયા માટે બહાર ખુલ્લામાં જવું પડ્યું. તેના કારણે, કુદરતી ક્રમ અનિયમિત રહેતો અને તેને લઇ કેટલીક શારીરીક તકલીફ રહેતી. જે હવે દુર કરી શક્યા છીએ. |
| 7 | શ્રી હમાભાઇ બોલિયા (માલધારી કુટુંબ) 70 વર્ષ | અમારે, ઘરમાં સંડાસની સુવિધા ન હોવાથી સમગ્ર પરિવાર ને ખુબ જ તકલીફ વેઠવી પડતી અને, તેથી અમે ખુલ્લી જગ્યાએ જવું પડતું, જે ચોમાસાની ઋતુમાં અત્યંત મુશ્કેલીભર્યું રહેતું વળી આ કુદરતી ક્રિયામાં કોઇ સમય પણ નિશ્ચિત ન હોય. ખુલ્લા સ્થળો અને ગંદકી ભરી માટીમાં કેટલાક રોગોનો ચેપ લાગવાનો ભય રહેતો. ઉપરાંત અમારા પરિવારની આવક અત્યંત ટુંકી હોવાના કારણે અમે બાંધકામ કરાવી શકીએ તેમ નથી આથી કોઇ બાહ્ય સહાયતાની અપેક્ષા રાખીએ છીએ. |
| 8 | શ્રી દામજીભાઇ મોનજીભાઇ ગુજરાતી (34 વર્ષ) | અગાઉ જ્યારે ઘરમાં સંડાસ બાથરુમની સુવિધા ઉપલબ્ધ ન હતી ત્યારે અમારે શૌચક્રિયા માટે, ઘણે દુર દુર સુધી જવું પડતું. આ વિસ્તારો એ કાદવ – કીચ્ચડ વાળી, તથા ગંદકીભર્યા હોવાના કારણે, તેની માટીના સંસર્ગની તથા, મચ્છરો અને અન્ય ચેપી જીવ-જંતુઓનો ઉપદ્રવ રોગ ફેલાવાનો ભય પણ રહેતો. પરંતુ હવે, સંડાસ બાથરુમની સગવડતા કારણે અમારી રોજીંદી તકલીફ લગભગ દુર થઇ ગયેલ છે. અને ગામમાં સ્વચ્છતા પણ જાળવી શક્યા છે. |

ઉપયોગકર્તાઓના વિચારો અંગે ઉપસંહાર વ્યક્તિગત મુલાકાત અને સમૂહચર્ચા આધારિત વિવરણ પ્રશ્નો

## સમૂહ-1

ઉપયોગકર્તા – 1

ઉપયોગકર્તાનું નામ – શ્રી ઓમકારભાઇ ગિરી

| | પ્રશ્ન | પરિણામ / સૂચન |
|---|---|---|
| પ્ર-1 | શું આમ આ ટેકનોલોજીથી ખુશ છો ? તો કેમ અને ના તો શા માટે ? જણાવો | હા. અગાઉ, અમારે, કુદરતી હાજતે જવા માટે દુર સુધી જવું પડતું તથા, ચોમાસાની ઋતુમાં, તેમજ રાત્રિના સમયે તેમાં ઘણી જ સમસ્યાઓ રહેતી. વળી આ ક્રિયામાં અનિયમિતતાના કારણે કેટલીક શારીરીક તકલીપો પણ રહેતી. પરંતુ હવે અમે તેમાંથી મુક્ત થઇ રાહત અનુભવીએ છીએ. હાલમાં અમારા ઘરમાં સંડાસ બાથરુમના બાંધકામના કારણે અમે ખુશ છીએ. |
| પ્ર-2 | શું આમ નિયમિત રીતે આ ટેકનોલોજી સુવિધાનો લાભ લો છો ? | હા |
| પ્ર-3 | આ ટેકનોલોજીની સગવડતાનો ઉપયોગ સામે આપને વાંધાજનક કે અવરોધક કોઇ પરિબળ છે ? જો હોય તો તે જણાવો | ના |
| પ્ર-4 | શું આ ટેકનોલોજીમાં, આપના મતે કોઇ ફેરફાર કરવાની આવશ્યકતા છે. અથવા તો તમને પસંદ ન હોય તેવી | ના |

| | | |
|---|---|---|
| | ગોઠવણ છે ખરી ? જો હોય તો વર્ણવો | |
| પ્ર-5 | શું આપને આપની કિંમતની સામે યોગ્ય વપરાશ મળે છે ખરું ? | અમારી પાસેની માત્ર પ્રારંભિક સમયે જ પૈસા ઉઘરાવવામાં આવ્યા હતા. ત્યારબાદ તો માત્ર, લાઇનમાં કોઇ ભંગાણ અથવા તો તે ચોક-અપ (જામ થઇ ગયેલ) થાય ત્યારે જ મરામતની રકમ ભરવી પડે છે. |
| પ્ર-6 | શું આ સેવાના કોઇ દુરુપયોગ અંગે આપને ફરિયાદ કે જાણ છે ? | ના |

ઉપયોગકર્તા – 2

ઉપયોગકર્તાનું નામ – શ્રી છગનભાઇ ડી. ઢોલા (48 વર્ષ)

(ગ્રામ પંચાયત સરપંચ હડમતિયા)

| | પ્રશ્ન | પરિણામ / સૂચન |
|---|---|---|
| પ્ર-1 | શું આમ આ ટેકનોલોજીથી ખુશ છો ? હા તો કેમ અને ના તો શા માટે ? જણાવો | આ ટેકનોલોજી તેના તમામ ઉપયોગકર્તા માટે લાભદાયી છે. અગાઉ, ગંદાપાણીના નિકાલ માટે પાઇપ નાખ્યા પહેલા, ઘણા જ પ્રશ્નો રહેતા. ગામની સીમના વિસ્તારમાં હંમેશા ગંદકી અને કાદવ કીચ્ચડ જમા રહેતો અને તેમાં કચરાના ઢગલા ખડકાતા હતા. હવે, ગંદા પાણીના નિકાલ માટે ભુગર્ભ ચેનલો અને સંડાસ બાથરુમની બાંધકામની કારણે અમારો પ્રશ્ન દુર થઇ ગયેલ છે. અને |

| | | |
|---|---|---|
| | | ગામમાં સ્વચ્છતા પણ જાળવી શકાય છે. |
| પ્ર-2 | શું આપ નિયમિત રીતે આ ટેકનોલોજીનો ઉપયોગ કરી રહ્યા છો ? | હા |
| પ્ર-3 | આ ટેકનોલોજીની સગવડતા ઉપયોગની સામે કોઇ વાંધાજનક કે અવરોધક પરિબળ છે ? હોય તો જણાવો | ના |
| પ્ર-4 | આ ટેકનોલોજીમાં એવી કોઇ બાબત કે જે તમને પસંદ ન હોય, અથવા તમે તેમાં કોઇ ફેરફાર ઇચ્છતા હોય તો જણાવો | સરકાર દ્વારા ગરીબ કુટુંબોને રાહત આપી શકાય તે માટે વધુ સહાય પુરી પાડવી જોઇએ. |
| પ્ર-5 | શું આપને તેની કિંમત સામે યોગ્ય વપરાશ મળે છે ? | હા પરંતુ મારા મતે, પ્રત્યેક પરિવારને આ કિંમત પરવડી શકે નહીં. |
| પ્ર-6 | શું આ સેવાના દુરુપયોગ સામે આપને કોઇ ફરિયાદ કે જાણ છે ? | ના |

ઉપયોગકર્તા – 3

ઉપયોગકર્તાનું નામ – શ્રી કિશોરભાઇ પંડિત (37 વર્ષ)

(ગ્રામ પંચાયત સરપંચ હડમતિયા)

| | પ્રશ્ન | પરિણામ / સૂચન |
|---|---|---|
| પ્ર-1 | શું આપ આ ટેકનોલોજીથી ખુશ છો ? હા તો કેમ અને ના તો શા માટે જણાવો | હા. તેના કારણે અમારા જીવનમાં અનેક સુધારા આવ્યા છે. અગાઉ અમારે ઘણે દુર સુધી જવું પડતું વળી ત્યાં, ગંદકી ભરી માટી અને મચ્છરોનો |

| | | |
|---|---|---|
| | | ખુબ જ ઉપદ્રવ રહેતો વળી, તેના કારણે કોઇ રોગનો ચેપ લાગવાનો પણ ભય રહેતો અને સ્ત્રીઓ માટે સાંજના સમય પછી દુર સુધી જવામાં અનેક સમસ્યાઓ રહેતી. |
| પ્ર-2 | શું આપ નિયમિત રીતે આ ટેકનોલોજીનો ઉપયોગ કર્યો ? | હા |
| પ્ર-3 | આ ટેકનોલોજીની સગવડતા સામે કોઇ અવરોધક કે વાંધાજનક પરિબળ હોય તો તે જણાવો. | ના |
| પ્ર-4 | આ ટેકનોલોજીમાં એવી કોઇ બાબત છે કે જે તમને પસંદ હોય અથવા તમે તેમાં કોઇ ફેરફાર ઇચ્છતા હોય તો જણાવો. | ના પરંતુ સ્વચ્છતાની જાળવણી ત્યારે જ શક્ય બને જ્યારે સમગ્ર ગામ આ પધ્ધતિ અપનાવે |
| પ્ર-5 | શું આપની આ સગવડની કિંમત સામે યોગ્ય વપરાશ મળી રહે છે. | હા |
| પ્ર-6 | આ સેવાના કોઇ દુરુપયોગ સામે આપને કોઇ ફરિયાદ કે જાણ છે. | ના |

ઉપયોગકર્તા – 4

ઉપયોગકર્તાનું નામ – શ્રી મનસુખલાલ પંડિત (63 વર્ષ)

| | પ્રશ્ન | પરિણામ / સૂચન |
|---|---|---|
| પ્ર-1 | શું આમ આ ટેકનોલોજીથી ખુશ | હા અગાઉ, સંડાસ રુમના બાંધકામ |

| | | |
|---|---|---|
| | છો ? હા તો કેમ અને ના તો શા માટે ? જણાવો | પહેલા અમારે ઘણે દુર સુધી ખુલ્લા સ્થળોએ જવું પડતું અને તેમાં અનિયમિતતાના કારણે કેટલાક રોગની સમસ્યા રહેતી.પરંતુ હવે અમે આ પ્રશ્નથી રાહ્ત મેળવી છે. |
| પ્ર-2 | શું આપ આ ટેકનોલોજીની સગવડનો નિયમિત રીતે ઉપયોગ કરો છો ? | હા |
| પ્ર-3 | આ ટેકનોલોજીની વપરાશ સામે કોઇ અવરોધક કે વાંધાજનક પરિબળ હોય તો જણાવો | ના |
| પ્ર-4 | આ ટેકનોલોજીમાં એવી કોઇ બાબત છે કે જે તમને પસંદ ન હોય અથવા તેમાં કોઇ ફેરફાર ઇચ્છતા હોયો તો જણાવો | જો સમગ્ર ગામ એક થાય અને સરકારી સહાયતા મળી રહે તો, ગંદાપાણીની નિકાલનો એક પ્લાન્ટ, અને અમારા ગામમાં સ્થાપી શકીએ. |
| પ્ર-5 | શું આપને આ સગવડની કિંમત સામે યોગ્ય વપરાશ મળી રહે છે ? | હા |
| પ્ર-6 | આ સેવાના કોઇ દુરુપયોગ અંગે આપને કોઇ ફરિયાદ ? જાણ છે ? | ના |

ઉપયોગકર્તા – 5

ઉપયોગકર્તાનું નામ – શ્રી દામજીભાઇ મોનજીભાઇ ગુજરાતી (34 વર્ષ)

| | પ્રશ્ન | પરિણામ / સૂચન |
|---|---|---|
| પ્ર-1 | શું આમ આ ટેકનોલોજીથી ખુશ છો ? હા તો કેમ અને ના તો શા | હા તે એક સારી ટેકનોલોજી છે. અગાઉ અમારે, શૌચક્રિયા માટે, ખુલ્લા, |

| | | |
|---|---|---|
| | માટે ? જણાવો | ગંદકીભર્યા અને જીવજંતુઓ વાળા સ્થળે દૂર સુધી જવું પડતું. પરંતુ હવે, સંડાસ બાથરુમના બાંધકામથી ગામમાં સ્વચ્છતા જાળવી શકાય છે. |
| પ્ર-2 | શું આપ નિયમિત રીતે આ ટેકનોલોજીનો ઉપયોગ કરો છો ? | હા |
| પ્ર-3 | આ ટેકનોલોજીની વપરાશ સામે કોઇ અવરોધક કે વાંધાજનક પરિબળ હોય તો જણાવો | ના |
| પ્ર-4 | આ ટેકનોલોજીમાં એવી કોઇ બાબત છે કે જે આપને પસંદ ના હોય અથવા તો તેમાં કોઇ ફેરફાર ઇચ્છતા હોય તો જણાવો. | આ પ્રયોગથી ગ્રામવાસીઓ સ્વચ્છતા પ્રત્યે જાગૃત થયા છે અને સામૂહિક કાર્ય માટે સ્વૈચ્છિક રીતે સહમત થયા છે. |
| પ્ર-5 | આપને આ સગવડની કિંમત સામે યોગ્ય વપરાશ મળી રહે છે. | હા |
| પ્ર-6 | આ સેવાના દુરુપયોગ અંગે આપને કોઇ ફરિયાદ કે જાણ હોય તો જણાવો | ના |

## સમૂહ – 2

ઉપયોગકર્તા – 1

ઉપયોગકર્તાનું નામ – શ્રીમતી રાખુબેન મનુભાઇ (28 વર્ષ)

| | પ્રશ્ન | પરિણામ / સૂચન |
|---|---|---|
| પ્ર-1 | શું આમ આ ટેકનોલોજીથી ખુશ | અમે, ગંદા પાણીના નિકાલની કોઇ |

| | | |
|---|---|---|
| | છો ? હા તો કેમ અને ના તો શા માટે ? જણાવો | યોગ્ય વ્યવસ્થા ન હોવાના કારણે અનેક મુશ્કેલીઓનો સામનો કરી રહ્યા છો અને રાત્રિના સમયે, બહાર જવામાં પણ કેટલાક ભયસ્થાનો રહેલા છે. વળી અમારી આર્થિક સ્થિતિ અત્યંત નબળી હોવાથી અમો, વરસાદ દરમિયાન તુટી ગયેલી ઘરની દિવાલની મરામત પણ કરાવી શકતા નથી. |
| પ્ર-2 | શું આપ નિયમિત રીતે આ ટેકનોલોજીનો ઉપયોગ કરો છો ? | ના |
| પ્ર-3 | આ ટેકનોલોજીના વપરાશની સામે કોઇ અવરોધક કે વાંધાજનક પરિબળ હોય તો જણાવો | તેની કિંમત નહીં તો અમે પણ અમારા ઘરમાં પાક્કા સંડાસ બાથરુમનું બાંધકામ કરાવવા ઈચ્છીએ છીએ. |
| પ્ર-4 | આ ટેકનોલોજીની સગવડમાં એવી કોઇ બાબત છે કે જે આપને પસંદ ન હોય અથવા તેમાં કોઇ ફેરફાર ઇચ્છતા હોય તો જણાવો. | અમે આ વિપરિત પરિસ્થિતિમાં સરકાર પાસે મદદ માટે ખુબ જ અપેક્ષા રાખીએ છીએ. |
| પ્ર-5 | શું આપને સગવડની કિંમત સામે યોગ્ય વપરાશ મળી રહે છે | ના |
| પ્ર-6 | આ સેવાના દુરુપયોગ અંગે આપને કોઇ ફરિયાદ કે જાણ હોય તો જણાવો | કોઇ જાણકારી નથી. |

ઉપયોગકર્તા – 2

ઉપયોગકર્તાનું નામ – શ્રીમતી રેખાબેન ધીરુભાઇ (55 વર્ષ)

| | પ્રશ્ન | પરિણામ / સૂચન |
|---|---|---|
| પ્ર-1 | શું આમ આ ટેકનોલોજીથી ખુશ છો ? હા તો કેમ અને ના તો શા માટે ? જણાવો | અમારી માસિક આવક માત્ર રૂ. 1500 છે. અને અમારી આર્થિક સ્થિતિ અત્યંત નબળી છે. પરંતુ અમારે વરસાદના સમયે તેમજ રાત્રિના સમયે સગવડતાના અભાવે ઘણી જ તકલીપો વેઠવી પડે છે. |
| પ્ર-2 | શું આપ નિયમિત રીતે આ ટેકનોલોજીનો ઉપયોગ કરો છો ? | ના |
| પ્ર-3 | આ ટેકનોલોજીના નિયમિત ઉપયોગ સામે કોઇ અવરોધક કે વાંધાજનક પરિબળ હોય તો જણાવો | કિંમત |
| પ્ર-4 | આ ટેકનોલોજીમાં આપને પસંદ ન હોય તેવી બાબત અથવા, કોઇ ફેરફાર ઇચ્છતા હોય તો જણાવો | અમારા મતે, આ વ્યવસ્થા સધ્ધર કુટુંબો માટેની જ છે. પરંતુ જો સરકાર દ્વારા સહાયતા પ્રાપ્ત થાય તો અમે પણ સંડાસ બાથરુમનું બાંધકામ કરાવવા ઇચ્છીએ છીએ. |
| પ્ર-5 | શું આપને આ ટેકનોલોજીની કિંમત સામે યોગ્ય વપરાશ મળી રહે છે ? | ગરીબ માણસો પાસે આ સગવડ કે વપરાશ ઉપલબ્ધ નથી. |
| પ્ર-6 | આ સગવડના કોઇ દુરુપયોગ અંગે આપને કોઇ ફરિયાદ કે જાણ હોય તો જણાવો | અમે તે સગવડ ઉપયોગ કરતા ન હોવાના કારણે તે અંગે કોઇ માહિતી નથી. |

ઉપયોગકર્તા – 3

ઉપયોગકર્તાનું નામ – શ્રી હમાભાઇ બોલિયા

(માલદાર પરિવાર – 70 વર્ષ)

| | પ્રશ્ન | પરિણામ / સૂચન |
|---|---|---|
| પ્ર-1 | શું આમ આ ટેકનોલોજીથી ખુશ છો ? હા તો કેમ અને ના તો શા માટે ? જણાવો | અમારી પાસે અમારા ઘરમાં, સંડાસ બાથરુમની કોઇ સુવિધા ઉપલબ્ધ નથી આથી ફરજીયાત પણે અમારે બહાર જવું પડે છે અને વરસાદ ચાલુ હોય તેવી સ્થિતિમાં ઘણી જ મુશ્કેલી પડે છે. ઉપરાંત, ગંદકીવાળી માટીમાં તથા કાદવના સંસર્ગથી કેટલાક રોગ થવાની શક્યતા પણ રહેલી છે. |
| પ્ર-2 | શું આપ નિયમિત રીતે આ ટેકનોલોજીની સગવડનો ઉપયોગ કરો છો ? | ના |
| પ્ર-3 | આ ટેકનોલોજીની વપરાશ સામે કોઇ અવરોધક કે વાંધાજનક પરિણામ હોય તો જણાવો | અહીં, લોકોને તેમની આર્થિક પરિસ્થિતિ પ્રમાણે કિંમત વસૂલ કરવામાં આવે તો વધુ સારુ, સારી આર્થિક સ્થિતિ ધરાવતી વ્યક્તિ, નબળી તથા ગરીબ વ્યક્તિની સ્થિતિને ધ્યાનમાં રાખી થોડી વધારે રકમ ભરે તો સમાજ માટે લાભદાયી બની રહે. અમારી પરિવારની આવક અત્યંત ટુંકી હોવાથી આ ખર્ચ પરવડી શકે નહીં. તેમ છતાં અમે આ બાબતમાં મદદની અપેક્ષા રાખીએ છીએ. |

| | | |
|---|---|---|
| પ્ર-5 | શું આપને આ સગવડની કિંમત સામે યોગ્ય વપરાશ મળી રહે છે ? | ના |
| પ્ર-6 | આ સેવાના કોઇ દુરુપયોગ સામે આપને કોઇ ફરિયાદ કે જાણ હોય તો જણાવો | આ અંગે કોઇ માહિતી નથી. |